# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-09-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MEHSANA CM UMIYADHAM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણાના ઊંઝામાં આવતીકાલથી 18 સપ્ટેમ્બર દરમિયાન યોજાનારા ધજા મહોત્સવને આજથી ખૂલ્લો મુક્યો હતો. મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે, આ મહોત્સવ દરમિયાન માતાજીને 11 હજાર ધર્મધજા અને એક હજાર 868 ઉમા પ્રાગટ્ય ધજા અર્પણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ઊંઝામાં ઉમિયા માતાજી નીજ મંદિરના એક હજાર 868 વર્ષની ઉજવણીના ભાગરૂપે આ મહોત્સવનું આયોજન કરાયું છે.

# REV KUTCH RUSHIKESH PATEL

રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે કચ્છના લખપત અને અબડાસા તાલુકામાં શંકાસ્પદ તાવના શંકાસ્પદ કેસને લઈ તંત્રની તૈયારીની સમીક્ષા કરી હતી. ભુજ ખાતે યોજાયેલી બેઠકમાં આરોગ્યમંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જિલ્લાની પ્રવર્તમાન સ્થિતિની વિગતો મેળવી હતી.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ત્રીજી સપ્ટેમ્બરથી અત્યાર સુધી આ વિસ્તારમાં નોંધાયેલા મૃત્યુ પૈકી પાંચ હૃદયરોગ અને કેન્સરના સ્ટ્રોકના લીધે થયા છે. જ્યારે 11 મૃત્યુ ફ્લૂ અને તેનાથી થતા ન્યૂમોનિયા તેમ જ અન્ય કારણોસર થયા છે. આરોગ્ય વિભાગની 45 ટુકડીએ આ વિસ્તારના 22 ગામમાં 2 હજાર 234 લોકોની ચકાસણી કરતાં 48 તાવના કેસ સામે આવતાં તેમને જરૂરી સારવાર આપવામાં આવી છે.

# RAIN

રાજ્યમાં આજે કેટલાક જીલ્લાઓમાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો છે. આજે સવારે છ વાગ્યાથી બપોરે બાર વાગ્યા સુધીમાં 63 તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો હતો. સત્તાવાર આંકડા મુજબ, સૌથી વધુ

સવા ત્રણ ઇંચ વરસાદ બનાસકાંઠાના ધાનેરામાં નોંધાયો હોવાના અહેવાલ છે, જ્યારે ધનસુરા અને મહેસાણામાં બે-બે ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે.

નવસારી શહેરમાં લાંબા વિરામ બાદ આજે વહેલી સવારથી વરસાદી માહોલ સર્જાયો હતો.

તો મહીસાગર જિલ્લાના કડાણા બંધમાંથી ત્રણ લાખ ક્યુસેકથી વધુ પાણી છોડાઇ રહ્યું છે. આ અંગે વધુ વિગતો આપે છે અમારા પ્રતિનિધિ...

**(બાઇટ- કૌશિક જોષી-મહિસાગર)**

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને પ્રભારીમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ કચ્છ જિલ્લામાં ભારે વરસાદની પરિસ્થિતિ વચ્ચે જિલ્લા વહીવટીતંત્રે કરેલી રાહત બચાવની કામગીરીની સમીક્ષા કરી.. તેમણે ભારે વરસાદથી અસરગ્રસ્ત નાગરિકોને ચૂકવવામાં આવેલી સહાય અને પાક નુકસાન અંગેની વિગતો પણ મેળવી હતી.

વડોદરાના દેવ બંધમાં સતત પાણીની આવકના કારણે બંધનું સ્તર જાળવવા જળાશયના બે દરવાજા ખોલાશે.. વહીવટી તંત્ર દ્વારા 16 ગામના લોકોને સાવચેત કરાયા છે.

## CM RASHTRIYA VAN SHAHID DIVAS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે રાષ્ટ્રીય વન શહીદ દિવસ નિમિત્તે વન અને વન્યજીવોના સંરક્ષણ-સંવર્ધન દરમિયાન શહીદ થયેલા રાજ્યના વન શહીદોને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રીએ ગાંધીનગરના સેક્ટર-30માં વનચેતના કેન્દ્ર ખાતે આવેલા રાજ્યના પ્રથમ “વનપાલ સ્મારક” ખાતે શહીદોને આદરાંજલિ પાઠવી હતી.

ઉલ્લેખનીય છે કે, વન વિભાગના વનરક્ષક, વનપાલ, પરિક્ષેત્ર વન અધિકારીઓ અને અન્ય અગ્રીમ હરોળના વનકર્મીઓની શહીદીના સન્માનમાં

કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2013થી દર વર્ષે 11મી સપ્ટેમ્બરને રાષ્ટ્રીય વન શહીદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

# SMASHAN BHATTHI YOJANA

રાજ્યમાં સુધારેલ સ્મશાન ભઠ્ઠી લગાવવાની સહાય યોજના અંતર્ગત અત્યાર સુધીમાં 8 હજાર 100થી વધુ સુધારેલી સ્મશાન ભઠ્ઠી લગાવવામાં આવી છે.

આબોહવા પરિવર્તન વિભાગના રાજ્યમંત્રી મુકેશ પટેલે જણાવ્યું કે, આ સુધારેલ સ્મશાન ભઠ્ઠીના ઉપયોગથી મૃતદેહના અગ્નિસંસ્કાર પાછળ ઉપયોગમાં લેવાતા લાકડામાં આશરે 40થી 50 ટકા જેટલી બચત થાય છે. ઊર્જા વિકાસ એજન્સી દ્વારા ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા, મહાનગર સેવાસદન હસ્તકના સ્મશાનગૃહોમાં વર્ષ 2015-16થી આ યોજના અમલમાં છે.